# અરુણોદય

વર્ષ - ૧ અંક - ૨ નવેમ્બર ૨૦૨૨

myvadgam@gmail.com nitesh.l.patel 9429407732

## વડગામ ની પ્રાચિન વાવ નો ઈતિહાસ.



વડગામમાં આવેલી વર્ષો પુરાણી વાવ લાખા વણઝારાએ બનાવી હતી. જેનો ઉલ્લેખ ઈતિહાસના પાને પણ થયેલો છે. જો કે વડગામની વાવમાં કોતરેલા લેખો આજે પણ સલામત હોઇ તેનું લખાણ ઉકેલવામાં આવે તો વાવની સઘળી હકીકત બહાર આવી શકે તેમ છે. બનાસકાંઠા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આ પૌરાણિક વાવના પુનરોત્થાનનું કાર્ય હાથ ધરવુ જોઇએ. થોડા વર્ષો અગાઉ વડગામમાં  રાધા કૃષ્ણ મંદિર પાસે આવેલ વાવનું કોઇ  NGO દ્વારા પુનરોત્થાનનું કામ હાથ ધરવામા આવ્યુ હતુ એ સમયે વડગામના નિતિન એલ. પટેલ દ્વારા ઉપરોક્ત વાવનો ફોટો ક્લિક કરવામાં આવ્યો હતો. ફંડના અભાવે એ વાવના નવનિર્માણનું કાર્ય આગળ વધી શક્યુ નહી અને આજે એ પૌરાણિક વાવ મૃત અવસ્થામાં પોતાનો ભવ્ય વારસો સાચવીને પોતાનુ અસ્તિત્વ ઉજાગર કરવા રાહ જોઇ રહી છે. વડગામના  અગ્રણી સ્વ. શ્રી લક્ષ્મણભાઇ હાથીભાઇ ધૂળીયાએ વાવના ઈતિહાસ અંગે જણાવ્યું કે,'ભારત દેશમાં વર્ષો પહેલાં રાજા ભતૃહરિ, વિરવિક્રમ અને લાખોવણજારો એમ ત્રણ ભાઇ હતા. જેમાં ભતૃહરિએ સન્યાસ લીધો હતો. વિરવિક્રમ કુશળ રાજકર્તા બન્યો. જ્યારે લાખા પાસે એક લાખ બળદની પોઠોની વણઝાર હતી.જેથી તે લાખાવણઝારાના નામથી ઓળખાયો. જે વેપાર અર્થે ગુજરાત, મારવાડ, કાઠિયાવાડ વિસ્તારમાં આવતા, ત્યારે એક ગામમાં વધુ દિવસ રોકાતા હોવાથી પાણી માટે વાવ બનાવતા. જે મુજબઅહીં વડગામ મા પણ વાવ બનાવી હતી. જેમાં કોતરાવેલા લેખો આજે પણ સલામત છે. જેનું લખાણ ઉકેલવામાં આવે તો વાવના સાચા ઈતિહાસની જાણકારી મળી શકે તેમ છે.  'થોડાકવર્ષો પહેલાં સુધી પ્રજાજનો આ વાવમાંથી પાણી ભરતા હતા. હવે બોર, કૂવા અને પાઇપલાઇનો બનતાં વાવ વિસરાઇ ગઇ છે. જેનું ખોદકામ શરૂ કરવામાં આવતાં આજની યુવા પેઢીઐતિહાસિક વારસાથી અવગત બનશે.'

જૂના જમાનામાં જ્યારે આજના જેવાં વાહન વ્યવહારનાં સાધનો નહોતાં ત્યારે વણજારાની અનાજ ભરેલી પોઠો દુષ્કાળગ્રસ્ત રાજ્યોની પ્રજાને માટે વરદાનરૂપ બની રહેતી. ભારતભરમાં ભટકનારી વણજારા જાતિની ઓળખ, ભગવદ્ગોમંડલમાં આ મુજબ મળેછે. વણજારો એટલે દેશપરદેશ માલ લાવઆણ કરવાનો વેપાર ખેડનાર માણસ. પરદેશી માલનો આબરૂદાર વેપારી, બળદોની પીઠ પર માલ લાદી પરદેશ લઈ જનાર વેપારી, પોઠવાળો,ગુજરાતમાં દંતકથારૂપ બની ગયેલ લાખો વણજારો લાખ પોઠિયાનો માલિક હોવાનું કહેવાય છે.

પાંચસો હજાર પોઠિયાની વજારાના માલિક માત્ર માલવાહક મજૂરો નહોતા પણ વેપારી હતા.છતવાળા પ્રાંતોમાંથી અનાજ, તમાકુ, મીઠું, સૂકોમેવો, કરિયાણું વગેરે ભરીને અછતવાળા વિસ્તારોમાં પહોંચાડતા. વણજારાની પોઠો ભારતભરમાં ખૂણેખૂણે ફરતી. કન્યાકુમારીથી કાશ્મીર અને આસામથી લઈને ઓખા સુધી તેઓ ભ્રમણ કરતાં. વણજારા માલિકની શાખ ઉજળી હતી.આબરૂ અને આંટ ઉંચા હતાં. રાજપૂત દરબારો અને રાજવીઓમાં એમનો માનમરતબો હતો. ખમતીધર વણજારા દુષ્કાળગ્રસ્ત વિસ્તારના ખેડૂતોને અનાજ અને બળદો પૂરા પાડતા. નાના શેઠિયાના હામી થતા. જરૂરતવાળા ખેડૂતો વણજારા પાસેથી કઢારે-ઉછીનું અનાજ લેતાં મોસમમાં સવાયું કરીને પાછું આપતા.

માલવહન કરનાર વેપારી વણજારા ભૌગોલિક સ્થિતિ અને મોસમની સારી જાણકારી ધરાવતા. દુષ્કાળગ્રસ્ત વિસ્તારો પર એમની નજર રહેતી. તેઓ પોઠો પર અનાજ ભરીને ત્યાં પહોંચી જતા અને લાખો ભૂખ્યા લોકોના જીવ બચાવતા. અકબરના રાજ્યકાળમાં ભારે દુષ્કાળના ઓળા ઊતર્યા ત્યારે વણજારાઓએ પડોશી દેશો નેપાળ, ચીન, તિબેટ, બ્રહ્મદેશ, ઈરાન અને કાબૂલથી અનાજ લાવીને પૂરું પાડ્યું હતું. આથી કાળદુકાળે રાજાથી માંડીને રંક સુધી સૌ કોઈ ઉચાટભર્યા શ્વાસે વણજારાના આવવાની વાટ જોતા. એમને આવવામાં વહેલુંમોડું થાય તો રાજવીઓ દૂત મોકલીને તપાસ કરાવતા. આ વ્યાપાર સેવા માટે સન્માનિત કરવામાં આવતા. ઈનામમાં રાજ્ય તરફથી એમને જરઝવેરાત અપાતું. વણજારા વેપારીઓની અનાજ લાદેલી પોઠોના કાફલા દુષ્કાળપીડિત પ્રજા માટે વરદાનરૂપ બની રહેતા. આમ પ્રજાને ભૂખમરામાંથી બચાવનાર વણજારાના સમૂહને 'ટાંડા' અને 'સાર્થ' ને નામે ઓળખાતા. ઉત્તર ભારતના ગાઢ જંગલો પર એમનો એકાધિકાર હતો. ત્યાંથી તેઓ વનસંપત્તિ, જંગલની જડીબુટ્ટીઓ અને અનાજની પોઠો લઈને દેશભરમાં ફરતા.

વણજારાના નાયક પાસે મોટી સંખ્યામાં બળદ, ભેંસ અને ગધેડાં રહેતાં. ૩૦-૪૦ થી વધુ પરિવારો એક સાથે માલ ભરીને સમૂહમાં નીકળતાં તેઓ રાત્રી રોકાણ કરતાં ત્યાં સાદડી વડે ઝૂંપડી બનાવી દેતા. આ દંગામાં માણસો સાથે મરઘાં અને સુવર પણ સૂઈ રહેતાં. નાના ગરીબ વણજારા પાસે બળદ ન હોય તેઓ માથે સામાન મૂકીને ચાલતા. વણજારણો પીઠ પર નાનાં છોકરાં બાંધી, માથા પર માલસામાન લઈને ચાલતી.

યુરોપના યાત્રીઓએ વણજારાના દસ હજાર બળદોના ટાંડાને પરિવહન કરતાં નજરે જોયાં છે. મોટા વેપારીઓ આવા ટાંડા દ્વારા એક ખેપમાં એક લાખ મણ અનાજ ભરીને નીકળતા એવું વર્ણન કર્યું છે. આ વણજારા પ્રજા ઉપરાંત લડાઈના મોરચે સૈનિકોને પણ રેશન પહોંચાડતા. અંગ્રેજોની ઈસ્ટ ઈન્ડિયા કંપની પણ આ વણજારાની ઓશિંગણ બની રહેતી. વણજારા મુદત આપ્યા મુજબ તટસ્થપણે અનાજ પહોંચાડતા પરિણામે તેમની સામાજિક પ્રતિષ્ઠા પણ દૂધ જેવી ઊજળી હતી. વણજારા સૌના મિત્ર હોવાથી યુદ્ધ લડનાર બંને પક્ષો વણજારાની પોઠોને નુકશાન પહોંચાડતા નહીં એટલું જ નહીં પણ એનું રક્ષણ કરતા. એમનું માનસન્માન કરતા. તેઓ દર કલાકે બે માઈલથી લાંબી મુસાફરી કરતાં નહીં. અનાજના કોથળા ફરતી દોરીથી વાડ કરતા. એની ચોતરફ સશસ્ત્ર સૈનિકો જેવા ખૂંખાર શિકારી કૂતરાની ચોકી રહેતી. આવી ૫૦ હજાર પોઠોને મેં નજરે નિહાળી છે એમ ઈર્વિન લખે છે. વણજારા જ્યારે યુદ્ધમાં રોકાયેલા સૈનિકો માટે રેશન લઈને નીકળતા ત્યારે ઓળખ આપવા માટે પોતાની પાઘડીમાં લીંમડાની ડાળખી ખોસતા. એ જોઈને લોકો એમને માર્ગ કરી આપતા. શ્રી ગ્રિયર્સન લખે છે કે વિચરતી જાતિ વણજારા આ રીતે અનાજની પોઠો લઈને પશ્ચિમથી દ.ભારત સુધીની ખેપો કરતાં.


વણજારા એ વિચરતી જાતિ હોવાથી એમની જરૂરિયાતો માટે ઠેકઠેકાણે વાવ, કૂવા, સરોવર, તળાવો અને વાવડિયોનું નિર્માણ કરાવતાં. જેથી પીવાનું પાણી મળી રહેતું. એટલું જ નહીં પણ રાતવાસો કે આરામ કરવા માટે રસ્તામાં અનેક ધર્મશાળાઓ અને ઊતારાગૃહો પણ બનાવતાં. સમગ્ર ભારતવર્ષમાં વણજારાઓએ નિર્મિત કરાવેલા વાવ, કૂવા, સરોવરો અને ધર્મશાળાઓ જોવા મળે છે. જોધપુરનું વણજારા સરોવર તો આજેય વિખ્યાત છે.

વણજારા વરસના આઠ મહિના દેશભરમાં અનેક રાજ્યોમાં ફરતા રહેતા હોવાથી તેમને વિધવિધ રાજ્યોની ગુપ્ત માહિતીની જાણકારી રહેતી. એમની આ જાણકારીનો લાભ રાજા-રજવાડા ભરપેટે લેતા. તેઓ તેમને ક્યારેક રાજ્યના ગુપ્તચર તરીકે નિયુક્ત કરી દેતા અને અન્ય રાજ્યોની ગુપ્ત માહિતી મેળવી લેતા.૧૯મી સદીના યંત્રયુગે વણજારાઓની કમર ભાંગી નાખી. રેલ્વે અને ખટારા આવતાં વેપાર વાણિજ્ય અને પરિવહનનું સ્વરૂપ સાવ બદલાઈ ગયું.

વણજારા વેપારી પરંપરાનો ધંધો ભાંગી ગયો. વણજારાની આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક સ્થિતિમાં ભારે પરિવર્તન આવ્યું. અધૂરામાં પૂરું અંગ્રેજ સલ્તનતે એમને હેરાનપરેશાન કરી મૂક્યા. સને ૧૮૯૯માં સરકારે વણજારાને અનુસૂચિત અપરાધી જાતિ જાહેર કરી. અંગ્રેજ લેખકોએ વણજારાને ચોર, લૂંટારા, બહારવટિયા અને ક્રૂર માનવી તરીકે ચીતર્યા. જૂનો ધંધો ભાંગી પડતા આજીવિકાનું સાધન ઝૂંટવાઈ ગયું. આથી એમણે શસ્ત્રોનો સહારો લીધો. દિનપ્રતિદિન વધતી ગરીબાઈ અને ભૂખમરાને કારણે ગુન્હા કરવા મજબૂર બન્યા. આજે વણજારામાંના ઘણાં ભણીને ઉચ્ચ હોદ્દા પર પણ પહોંચ્યા છે. બાકીના મહેનત મજૂરી કરે છે.


ગુજરાતમાં આવીને સ્થાયી થયેલા વણજારા હાથવગા ધંધા તરીકે ગધેડાં રાખીને રેતી સારવાનું, મકાનનો ઈંટ, ચૂનો વહેવાનું અને મજૂરીનું કામ કરીને ગુજરાન ચલાવે છે. આજે હવે ટ્રેક્ટરો રાખીને પેટિયું રળે છે. વણજારા સંસ્કૃતિની જૂની જાહોજલાલી સાવ આથમી ગઈ છે.

## પુસ્તક પરિચય....




ટેક્નોલોજીના વિકાસ થકી મનવજીવનમા કેવા પરિવર્તનો આવશે એની રસપ્રદ માહિતી **ટેક્નોલોજી-પોષિત-ભવિષ્યના વધામણાં** પુસ્તકમાં વર્ણવવામાં આવ્યા છે. આ પુસ્તક અવશ્ય વાંચવા જેવુ છે.

**આજથી એક સૈકા પહેલા પાલણપુર નવાબ સાહેબના શાસન માં વડગામ તાલુકાનું ચિત્રોડા ગામ તાલુકા મથક હતુ અને ચિત્રોડા તાલુકો કહેવાતો અને ચિત્રોડા તાલુકામાં  છાસઠ ગામોનો સમાવેશ કરાયો હતો. (પાલણપુર સ્ટેટ એજંસીની ડિરેક્ટરી પેજ ૬૩૦  ઉપર વોલ્યુમ-૨ ૧૯૦૯મા પ્રકાશિત) ચિત્રોડાને એ સમયે ભૌગોલિક પરિસ્થિતિને ધ્યાનમા રાખીને સુરક્ષાની દ્રષ્ટિએ મહત્વ આપાયુ હશે.**




## વડગામમાં ૪૦+ ક્રિક્ટ ટુર્નામેન્ટ અને સ્નેહમિલન  યોજાયુ.



આજથી ૨૫-30 વર્ષ અગાઉ વડગામ -પાલનપુર તાલુકાના આજુબાજુના ગામડાઓના જે  મિત્રો સાથે ક્રિકેટ રમતા હતા તેઓ પોતની જુની યાદો તાજી કરી શકે અને એક્બિજાને એક્સાથે મળી શકે તે હેતુ છેલ્લા ત્રણ વર્ષથી દિવાળીના દિવસોમાં ૪૦+ ક્રિકેટ ટુર્નામેન્ટ અને સ્નેહ મિલન નું આયોજન જુદા જુદા ગામ દિઠ કરવામાં આવે છે . છેલ્લા બે વર્ષો દરમિયાન જલોતરા ક્રિકેટ ગ્રાઉન્ડ ઉપર જલોતરા અને રૂપપુરા ટીમ દ્વારા આયોજન કરવામાં આવ્યુ હતુ, તો આ વર્ષે ૨૫ ઓક્ટોબરના રોજ  વડગામ સ્પોર્ટ ગ્રાઉન્ડ મુકામે વડગામ ટીમ દ્વારા આયોજન કરવામાં આવ્યુ હતુ. ચા - નાસ્તો -પાણી  અને જમવાની સુંદર વ્યવસ્થા વડગામ ટીમ દ્વારા કરવામાં આવી હતી. સમગ્ર દિવસ દરમિયાન ઉપસ્થિત સૌ કોઇ એ સમગ્ર પ્રસંગ ને મનભરીને માણ્યો હતો. ૨૫-30 વર્ષ પહેલા ક્રિકેટ રમવાનો જે તરવરાટ હતો એ જ તરવરાટ ૪૦ થી ૬૦ વર્ષે પણ મિત્રોમાં જોવા મળતો હતો.

# સ્વાતંત્રિય વીર કાળીદાસ ભોજક......



**"ગયો છે હિન્દ નો હીરો કમર કસજો તમે વીરો,**
**લડત લડજો સત્યાગ્રહથી કમર કરાજો તમે વીરો."**

બનાસકાંઠા જિલ્લા ના **વડગામ** ગામ ના વતની શ્રી કાળીદાસ લક્ષ્મીચંદ ભોજક **કવિ આનંદી** નો જન્મ સવંત ૧૯૬૦ ના ચૈત્ર સુદ -૫ ના રોજ થયેલ. તેઓએ ગુજરાતી ધોરણ પહેલા નો અભ્યાસ કરેલ હતો.બાર વર્ષે કવિ થવાની ઈચ્છા જાગ્રુત થવાથી પોતાની ધગશ પુરી કરવા પંડિત રાધેશ્યામ (રહેવાસી બરેલી ,ઉ.પ્ર.) જેઓ હિન્દી કવિ હતા ,તથા મુળશંકર મુલાણી જેઓ ગુજરાતી કવિ હતા ,તેઓ ની પાસેથી પિંગળ અંગે નુ જ્ઞાન પ્રાપ્ત કરેલ.ત્યાર બાદ રાષ્ટ્રપિતા ગાંધિજી ના સંપર્ક મા વર્ધા મુકામે આવેલ. તે સમયે ગુજરાતી ગીત બનાવી ગાંધિજી ના ચરણો મા ધરેલ અને ગાંધિજી એ તેઓને કવિ આનંદી નુ નામ આપેલ.

**ગામડાઓ મા જ્યા શાળાઓ ન હતી ત્યા શાળાઓ ખોલાવી લોકો ને પ્રોઢ શિક્ષણ અક્ષર જ્ઞાન અને સ્વછતાનુ જ્ઞાન આપવાનુ તેઓ એ કાર્ય કરેલ. હરિજન બાળકો ને જાતે નિશાળ મા બેસાડી હરિજનો પ્રત્યે લોકો ને સુગ ન રાખવા તેઓ સમજાવતા તેમજ લોકો ની અંદરો અંદરની તકરાર પંચાયત દ્વારા પતાવવા પણ તેઓ એ પ્રયત્નો કરેલ.**

સને ૧૯૩૨ થી ૧૯૪૨ દરમ્યાન તેઓ ને સત્યાગ્રહ માટે વારંવારપકડવામા આવતા હતા. પાલણપુર રાજ્ય મા ચાલતી વેઠ ના ત્રાસ સામે તેમજ રાજપુતો ના ચોકીયાત પ્રશ્ન માટે તેઓએ સંગઠન નુ કાર્ય શરૂ કર્યુ. નવાબ તાલેમાંહમદખાંનજી ના કાન ઉપર આ વાત જતા તેઓ ને જોરાવર પેલેસ મા બોલાવી રાજ્ય મા આ પ્રવ્રુતિ બંધ કરવા માટે જણાવેલ.

ખાંડ ગોળ નો કંટ્રોલ આવેલો તે વખતે લોકો ને માથા દીઠ દસ તોલા ગોળ અને દસ તોલા ખાંડ મળતી હતી તેમા સંચાલકો એ ગોલમાલ ચલાવતા તે સામે પણ તેઓ એ લડત ચલાવેલ અને તે સમય ના કંટ્રોલ મિનિસ્ટર ડાહ્યાલાલ મણીલાલ મહેતા ની ઓફીસે ફરિયાદ દાખલ કરી ગોળ ખાંડ ન લેવાની ઝુંબેશઉપાડી હતી.

૧૯૫૪ ના અરસામા કવિ ની ઈચ્છા મુજબ આરભેલુ ઘણુ ખરુ કાર્ય પુરૂ થતા તેમજ લોકમાન્ય તિલક ની સ્મશાન યાત્રા માંથી ઉદ્દભવેલી પ્રેરણા પરિપુર્ણ થતા સીવેલા કપડા નહી પહેરવાની લેધેલી પ્રતિજ્ઞા તે વખત ના કલેક્ટર શ્રી વી. શંકરન ના કહેવાથી છોડી રૂપાલ મુકામે માતાજી નો હવન કરાવી સીવેલા કપડા પહેરવાની શરૂઆત કરી હતી. બનાસકાંઠા જિલ્લા ના વડગામ તાલુકા ના આવા એ **આજીવન સેવાના ભેખધારી કવિ આનંદી કોઈ પણ જાત ના સ્વાર્થ વિના દેશની સ્વંત્રતા માટે તથા ગરીબો ના હક્કો ના રક્ષણ માટે ઝઝૂમ્યા અને વૃધાવસ્થા મા પણ લોકો ને ગાંધી ના માર્ગે સ્વાવલંબી જીવનજીવવાની પ્રેરણા એટલા જ જુસ્સાથી આપતા રહ્યા.** લોકો સમૃધ્ધ થાય અને દેશ નો સર્વાંગી વિકાસ થાય તેવા કાર્ય મા તેઓ સતત રસ લેતા રહ્યા ...કવિશ્રી નુ તા. ૩૦.૧૦.૭૩ ના રોજ અવસાન થયુ.

## કાયમ માટે દારૂનું વ્યસન છોડવું હોય તો શું કરવું ?

દારૂની રોજીંદી ટેવ - લત વ્યસન ( Addiction) માં પરીણમે છે. આ વ્યસનના લીધે યુકૃત ( Liver) નો સોજો, જલોદર, હોજરીમાં ચાંદી (ulcer) ,સ્વાદુપિંડનો સોજો, ( pancreatitis), માનસિક રોગો જેવા ખૂબ જ ગંભીર અને અસાધ્ય બીમારીના ભોગ બનવું પડે છે. સમાજમાં પણ દારૂડિયાના કુટુંબની પ્રતિષ્ઠા ઓછી થતી જાય છે.

આમ વ્યક્તિને શારીરિક, માનસિક, કૌટુંબિક તથા સામાજિક ક્ષેત્રે નુકશાન થાય છે.

આ દારૂની લત છોડવી ખુબ મુશ્કેલ છે. આ લત છોડવી હોય તો અને છોડ્યા પછી ફરી કદી ફસાવું ન હોય તે માટે માનસિક તૈયારી અને પૂર્વ આયોજન ખૂબ જ જરૂરી છે.

**દારૂ છોડવા માટેની તૈયારી**

(1) મનને તૈયાર કરવું. કોઈપણ વ્યસનથી છુટકારો મેળવવા સૌપ્રથમ દ્રઢ મનોબળ અને ઈચ્છાશક્તિ વગર વ્યસન છોડવું અશક્ય છે. આ માટે મનને તૈયાર કરો અને જ્યાં સુધી મનતૈયાર ન થાય ત્યાં સુધી વ્યસન છોડી શકાતું નથી.

(2) નાના પગથિયા નક્કી કરવા - જો છોડવાનું ખૂબ મુશ્કેલ હોય તો શરૂઆતમાં ફક્ત એક દિવસ માટે દારૂ છોડવાનું નક્કી કરો. માત્ર "આજે હું નહી પીઈશ" એવું નક્કી કરો. દ્રઢતાપૂર્વક

વળગી રહો. ગમે તેટલી તલપ લાગે કે લાલચ જાગે પણ એક દિવસ દારૂ વિનાનો પસાર કરો. ધીમે ધીમે દારૂ વગરના દિવસોની સંખ્યા વધારતા જાઓ.

(3) દારૂ છોડયા પછી કોઈકવાર પીવાની ઈચ્છા તીવ્ર થઈ આવે ત્યારે ઈચ્છાને થોડાક કલાક માટે મુલતવી રાખો. જ્યાં દારૂ પીવાનું શક્ય જ ના હોય તેવા સ્થળે જેવા કે મંદિરમાં કોઈ

નિર્વ્યસની મિત્રના ઘરે જઈ સમય પસાર કરી લ્યો.

(4) દવા - ડૉક્ટર દારૂ છોડવા માટે દવા આપી હોય તો નિયમિત લેવી. કેટલીક દવાઓ એવી તકલીફ ઊભી થવાને લીધે દારૂનો વ્યસની ફરીથી દારૂને હાથ લગાડવાનો વિચાર કરતો

નથી. આથી દવાનો ઉપયોગ નિયમિત કરવો જરૂરી છે. ધ્યાન રાખવું જરૂરી છે કે, દવા લે ત્યાં સુધી જ એની અસર રહે છે. ખરી મહેનતતો દારૂ છોડનારે તથા એના સ્નેહીજનોએ કરવાની છે.